મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૭ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે શાકોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૮

સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે આ વર્ષે ભવ્ય શાકોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ શાકોત્સવમાં અંદાજે ૭૦૦૦ જેટલા હરિભકતો, સંતો અને શહેરના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય શાકોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ શાકોત્સવમાં રીંગણાનું શાક, બાજરાના રોટલા, ખીચડી, કઢી, ગોળ વગેરે વાનગીઓ ભગવાનને ધરાવવામાં આવી હતી. શાકોત્સવમાં કાલુપુર સ્વામિનારાયણ મંદિરના મહંત પ.પૂ. શ્રી મહંત સ્વામી મહારાજે દિવ્ય આર્શીવચન પાઠવ્યા હતા તથા સહયોગીઓને કંઠી પહેરાવીને અભિવાદિત કર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, મનપાના ડેપ્યુટી કમિશનર જે.બી. બારૈયા, કાઉન્સીલર નરેશ પરમાર, જયરાજસિંહ વાઘેલા, વિનોદભાઈ ઉદેચા, પ્રદિપસિંહ વાઘેલા, ભવાનભાઈ ભરવાડ, ભરતભાઈ ઠકકર, જીવનભાઈ ચૌધરી તથા મોટી સંખ્યામાં સંતો, અગ્રણીઓ અને હરિભકતોએ સંતોના આશીર્વચન મેળવ્યા હતા. આ સમગ્ર શાકોત્સવનું આયોજન સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ થયું હતું સાથે મંદિરના ૫૦થી પણ વધારે સંતો અને હરિભકતો જોડાયા હતા.

વાતવાતમાં

● શહેરમાં ઉત્તરાયણ પહેલાના દિવસોમાં બાળકોએ ધાબે મન મૂકીને નેટ પ્રેકટીસ કરવાનું શરુ કરી દીધું છે. ઉત્તરાયણની સીઝન ચાલુ થઈ જતા શહેરના ટુ વ્હીલર વાહનચાલકોએ પણ પોતાની સલામતી માટે સેફટી એંગલ લગાડવાનું ચાલુ કરી દીધું છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ખાતે આવેલ જિલ્લા પોલિસ વડાની કચેરી ખાતે જિલ્લા પોલિસ વડા અને રેન્જ આઈજીની હાજરીમાં લોક દરબાર યોજાયો હતો. જેમાં ગાંધીનગરના નાગરિકોએ મોટા અવાજવાળા ધૂમ સ્પીડે દોડતા બાઈક અંગે ફરિયાદ કરી હતી અને ચિલોડાના નાગરિકોએ ઓવરબ્રિજના કામથી ટ્રાફિકની સમસ્યા હલ થાય તે માટે રજુઆત કરી હતી. જયારે કલોલ તાલુકાના નાગરિકોએ વાહનચોરીના બનાવોમાં ચિંતાજનક વધારા અંગે ફરિયાદ કરી હતી. આ લોક દરબારમાં મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલે મુલાકાત લીધી હતી. મનપાના મેયર પ્રવિણભાઈએ સિવિલના આઈ.સી.યુ. વોર્ડ, કિમોડાયાલિસીસ, લેબોરેટરી, ઓપીડી બિલ્ડીંગ સહિત ઈમરજન્સી વિભાગ અને તમામ વોર્ડની મુલાકાત લઈ સફાઈની ચકાસણી કરી હતી અને સિવિલમાં વોર્ડની બહાર બુટ-ચંપલ મુકવા માટે સ્ટેન્ડ તંત્ર દ્વારા આપવાની વાત કરી હતી જયારે મેયરના સ્વચ્છતા રાઉન્ડમાં સિવિલના આર.એમ.ઓ. ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, એસ.આઈ. ભરતભાઈ બારોટ, પ્રકાશભાઈ, આસિસ્ટન્ટ નર્સિંગ સ્ટાફ, એ.એચ.એ. રાજદીપના સુપરવાઈઝર પંકજ વાઘેલા, સિકયુરીટી સુપરવાઈઝર સહિતનો સ્ટાફ ખડે પગે હાજર રહ્યો હતો.

આજે સે-૨૪માં સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૮

કળયુગના ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજની ઉપાસના કરતાં સુંદરકાંડ પાઠનું શ્રી ભરતબાપુની વ્યાસપીઠે આવતીકાલે રાત્રે ૮ કલાકે, પ્લોટ નં. ૪૮૮, આદર્શનગર સોસાયટી, સેકટર-૨૪ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. યજમાન લેખરામ પી. આર્ય પરિવાર દ્વારા આયોજિત સુંદરકાંડ પાઠનો લાભ લેવા સર્વે ભકતજનોને આમંત્રણ છે.

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા.૮

સરકારી વિનયન કોલેજ, સેકટર-૧૫ ખાતે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સી.સી.સી., બી.પી.પી., બી.એ., એમ.એ. તથા વિવિધ સર્ટીફીકેટ અને ડિપ્લોમાં કોર્ષમાં તા. ૨૧-૮-૨૦૧૮ સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. જેમાં રસ ધરાવનારે સત્વરે ફોર્મ ભરી જવા જણાવાયું છે.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ યોજાશે

ગાંધીનગર, તા.૮

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર શાખા, જયોતિ મહિલા મંડળ અને લાયનેસીસ કલબ ગાંધીનગરના સંયુકત ઉપકમે ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ અને સીપીઆર ટેકનીક ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના કુશળ ટ્રેનર સોનલબેન ચૌહાણ દ્વારા તા. ૧૦-૧-૨૦૧૮ને બુધવારે સવારે ૯.૧૫ કલાકે બ્રહ્માણી હોલ, સેકટર-૨૩, કડી કેમ્પસ, ગેટ નં. ૧ પાસે ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે તો શહેરની તમામ બહેનોએ આ કાર્યક્રમનો લાભ લેવા શર્મિષ્ઠાબેન દવેએ અનુરોધ કર્યો છે.

સિનિયર સિટિઝન્સ માટે બચતના વ્યાજદર સુધારવા બાબતે જાગૃત નાગરિક પરિષદની રજૂઆત

ગાંધીનગર, તા.૮

આવક ઓછી હોય કે વધુ, નાણાંની બચત કરવી તે ભારતીય સમાજની પરંપરા છે. નિવૃત્તિ પછી આવક જળવાઈ રહે તે હેતુથી અથવા કુટુંબની જવાબદારીના વહન માટે બચત કરવામાં આવે છે. નાની નાની બચતો દ્વારા સિનિયર સિટિઝન્સ પણ પોતાની જવાબદારી નિભાવે છે.

સિનિયર સિટિઝન્સ માટે બચતના વ્યાજદર સુધારવા માટે જાગૃત નાગરિક પરિષદ, ગાંધીનગરના પ્રમુખ જયોતિન્દ્ર દવે દ્વારા ભારતના નાણામંત્રી અરૂણ જેટલીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં તેમણે આ પ્રમાણે રજુઆત કરી છે, (૧) છેલ્લા કેટલાક સમયથી સિનિયર સિટિઝન્સ દ્વારા થતા બચતના રોકાણો પર બેંકોમાં તેમજ પોસ્ટ ઓફિસોમાં ભારે વ્યાજકાપ આવ્યો છે. સામાન્ય નાગરિકોની બચત પર અપાતા વ્યાજ કરતા સિનિયર સિટિઝન્સને ૧ ટકા વ્યાજ વધુ મળતું હતું તે ઘટાડીને ૦.૫ ટકા કરી નાંખવામાં આવ્યું છે. વ્યાજની આવક પર નભતા વૃદ્ધો માટે આ ગંભીર બાબત છે. વ્યાજનું ધોરણ પુનઃ ૧ ટકા કરી આપવા વિનંતી કરી છે તેમજ મહિલા સિનિયર સિટિઝન્સ માટે તે ૧.૫ ટકા આપી શકાય. તમામ સિનિયર સિટીઝન્સ માટે આ શકય ના બની શકે તેમ હોય તો ઓછામાં ઓછું રૂ. ૧ લાખની વ્યાજ આવક માટે આ લાભને મર્યાદિત કરી શકાય આથી નબળી સ્થિતિના વયસ્ક નાગરિકોને રાહત મળી શકશે. (૨) બેંકોની તથા પોસ્ટ ઓફિસની થાપણો પર વ્યાજની રકમ રૂ. ૧૦૦૦૦ થાય એટલે તેના પર બેંકો ૧૦ ટકા ટીડીએસ કાપી લે છે. આ રૂ. ૧૦૦૦૦ની રકમ અંદાજે ત્રણ દાયકા પહેલા નક્કી થયેલી હશે. આજના રૂપિયાના વેલ્યુએશન પ્રમાણે, થાપણ પરની વ્યાજની આવક રૂ. ૧૦૦૦૦થી વધારીને રૂ. ૫૦૦૦૦ કરવી જોઈએ. એટલે કે રૂ. ૫૦૦૦૦ સુધીની વ્યાજની આવક પર ટીડીએસ કાપવામાં ન આવે તેમ કરવા વિનંતી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ દ્વારા નાણામંત્રીને વિનંતી કરવામાં આવી હતી કે ઉપર્યુકત બંને નાના સુધારા આગામી બજેટમાં સમાવવામાં આવશે તો વયસ્ક નાગરિકોને રાહત મળશે. તેમણે આશા વ્યકત કરી હતી કે સરકાર આ વેરામાં રાહત આપીને સિનિયર સિટિઝન્સને પ્રોત્સાહન આપશે.

સે-૭ માં ગાડીના ટાયરો પણ ચોર કાઢી ગયા..!

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરનું સેકટર-૭ ડી ચોર ઈસમો માટે મોકળુ મેદાન સાબિત થઈ રહ્યું છે. સે-૭ ડી માં ઘરફોડ ચોરીના બનાવ તો બનતા રહે છે. જેને પગલે સ્થાનિકોમાં ભય ફેલાયો છે. ત્યારે ઘરમાં તો ચીજવસ્તુઓ સલામત નહી રહીં પરંતુ જાહેરમાં પડી રહેતી નાગરીકોની ગાડીની સલામતી જોખમાઈ હોવાનું જણાઈ આવે છે. તાજેતરમાં સેકટર-૭ ડી ઘર આગળ પાર્ક કરેલી એક ગાડીના ટાયરો રાત્રીના સમયે ચોર ઈસમો ચોરી કરી રફુચક્કર થઈ ગયા છે. ત્યારે નાગરીકે સવારે ઉઠીને જોયું તો પોતાની ગાડીના ટાયરો ચોરીની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ડર વ્યાપી ગયો છે. ત્યારે હવે ઘર પાસે પાર્ક કરેલી ગાડી પણ સલામત રહી નથી તેવો અહેસાસ નાગરીકોને થઈ રહ્યો છે. સે-૭ ડીમાં મોટાભાગના સિનિયર સિટીઝન વસવાટ કરતા હોવાથી આ વિસ્તારમાં રાત્રીના સમયે પોલીસ તંત્ર દ્વારા પેટ્રોલીંગ સઘન બનાવાય તેવી લોકમાંગ પણ ઉઠવા પામી છે.

ફાર્મસીની છાત્રાનું ગોલ્ડ મેડલથી સન્માન

સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ સાયન્સીસ, ધણપ, ગાંધીનગરમાં અભ્યાસ કરતી છાત્રા હિંગુ મોનીકા જનકભાઈ એ પાર્માસ્યુટીકલ કવોલીટી એસ્યોરન્સ બ્રાન્ચમાં એમ.ફાર્મમાં સમગ્ર જી.ટી.યુ.માં પ્રથમ સ્થાને વી ગોલ્ડમેલ મેળવતા સંસ્થાના સંચાલક કનુભાઈ પટેલ, પ્રિન્સીપાલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

લોહાણા યુવા સંગઠન દ્વારા 'મંચ એક રંગ અનેક' સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની જાણીતી સામાજિક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા ૧૧મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે 'મંચ એક રંગ અનેક' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં રહેતા લોહાણા સમાજના લોકો ભાગ લઈ શકશે.

લોહાણા સમાજના લોકોમાં રહેલ વિશિષ્ટ સિદ્ધિઓને મંચ આપવાના આ પ્રયાસમાં ડાન્સ, મિમિક્રી, ડ્રામા, સિંગીગ, એકપાત્રીય અભિનયનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાગ લેનારને સંસ્થા દ્વારા આ અંગે ટ્રેનીંગ પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક સમાજના લોકોને જલારામ મંદિર ખાતે ફોર્મ મળશે. ફોર્મ ભરીને જલારામ મંદિર, સે-૨૯ ખાતે ૧૬મી જાન્યુઆરી સુધીમાં પરત કરવાનું રહેશે. વિશેષ માહિતી અર્થે નિલેષ પુજારા ૯૮૨૪૨ ૬૦૨૮૬, પ્રિયંક ઠકકર ૯૪૨૯૬ ૧૯૫૨૧, અમીત હાલાણી ૭૩૫૯૧ ૦૪૨૯૩, સંકેત પોપટ ૯૦૩૩૦ ૨૫૨૮૩નો સંપર્ક કરી શકાશે.

રાજપૂત સમાજ સે-૩નો સત્કાર સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૩માં વસતા રાજપૂત સમાજના પરિવારજનો દ્વારા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાનું સાફો, શાલ અને ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. સી.જે. ચાવડાએ રાજપૂત સમાજના તેમજ અન્ય સમાજના સાથ સહકાર બદલ આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, જયારે અને જયાં મારી જરૂરિયાત ઉપસ્થિત થશે ત્યાં હાજર રહી સહકાર આપીશ તેમજ સમાજના પ્રમુખ શંકરસિંહ રાણાએ ચિલોડા રોડ ઉપર આકાર લઈ રહેલ શિક્ષણ ભવન વિશે તથા આઈ.એ.એસ. સ્ટડી સેન્ટર બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજના પ્રમુખ રમજુભા જાડેજાએ જણાવ્યુંહતું કે અમારા ત્યાં આઈએએસ, આઈપીએસ વિગેરેના કલાસીસ ચાલે છે અને તેમાં જોડાઈ જવા યુવાનોને હાકલ કરી હતી. જયારે શંકરસિંહ

ગોહિલે રાજપૂત સમાજ દેશને સાચી રાહ અને સાચી દિશા આપનારો અને અન્ય સમાજોને સાથે લઈ ચાલનારો સમાજ છે અને તેઓએ શિક્ષણથી જાગૃતિ આવશે તેવી વાત કરી હતી. કાર્યક્રમનુંસ્વાગત પ્રવચન હિતેન્દ્રસિંહ રાઓલ દ્વારા કરવામાં આવ્યું હતું. એ.કે. વાઘેલા, શૈલેન્દ્રસિંહ આઈ. ગોલ, અર્જુનસિંહ વાઘેલા, જગદીશસિંહ રાઓલ, કેશરીસિંહ બિહોલા, સુરેન્દ્રસિંહ એન. સીસોદિયા, પ્રવિણસિંહ બી. વાઘેલા, લક્ષ્મણસિંહ એમ. વાઘેલા, જયરાજસિંહ કે. વાઘેલા, પી.બી. ગોહિલ, પ્રવિણસિંહ બી. વાઘેલા, લક્ષ્મણસિંહ એમ. વાઘેલા, જયરાજસિંહ કે. વાઘેલા, પી.બી. ગોહિલ, પ્રવિણસિંહ બી. વાઘેલા, હિંમતસિંહ બી. રાઠોડ, સુરેન્દ્રસિંહ બી. રાઠોડ, ભરતસિંહ પી. બહોલા, મીઠાજી પરમાર, સતુજી ચાવડા, જનકસિંહ વાઘેલા, કનુસિંહ વાઘેલા, નરેન્દ્રસિંહ રાજપૂત વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા અનેસમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. જયદીપસિંહ રાઓલ દ્વારા કરવામાં આવ્યુંહતું તથા આભારવિધિ કિરીટસિંહ ગોલ દ્વારા કરવામાં આવી હતી.

માનવતા મહેંકી : નોકરીમાં રજા મુકી યુવાને રકતદાન કર્યું

સિવિલમાં દાખલ શ્રમજીવી પરિવારની દિકરીની સારવાર માટે અમદાવાદ હાઈકોર્ટ ખાતે નોકરી કરતા ઘનશ્યામ પટણી દોડતા આવી પહોંચ્યા : ગૂંજ ફાઉન્ડેશનનું સેવા કાર્ય રંગ લાવ્યું

ગાંધીનગર, તા.૮

કોણ કહ છે કે માનવતા મરી પરિવારી છે?? કોણ કહે છે કે આ દુનિયા સ્વાર્થી છે?? આજના યુગમાં પણ આપણી આસપાસ જ એવા પરોપકારી નાગરિકો વસે છે જે પોતાના કોઈ પણ જાતના સ્વાર્થ વિના અન્યને મદદરૂપ થવા તૈયાર હોય છે. આજે ગાંધીનગરના સે-૨૮માં રહેતા ઘનશ્યામભાઈ પટણીએ પોતાની સરકારી નકરીમાં અડધી રજા મૂકી સિવિલ હોસ્પિટલ ખાતે ૧ વર્ષની નાનકડી દિકરી પાયલને રકતદાન થકી મદદરૂપ થવા આવી પહોંચી આ વાતનું સચોટ ઉદાહરણ રજૂ કર્યું હતું.

ગાંધીનગરમાં સેવાભાવી યુવાનોની સંસ્થા ગૂંજ ફાઉન્ડેશન જરૂરિયાતમંદોને અણીના સમયે વિના મૂલ્યે રકત મળી રહે તે હેતુથી કાર્યરત છે. આ સંસ્થાને આજે સવારે સિવિલ હોસ્પિટલથી કોલ મળ્યો કે મજૂરી કામ કરતા એક શ્રમજીવીની એક વર્ષની દિકરી પાયલની સારવાર માટે તાત્કાલિક એબી નેગેટીવ ગ્રુપનું લોહી જોઈએ છે. આ ગ્રૂપ ખૂબ જ ઓછા વ્યકિતઓમાં જોવા મળે છે અને તેથી આ બ્લડગ્રૂપના રકતદાતાઓ પણ જવલ્લે જ મળતા હોય છે. ગૂંજ ફાઉન્ડશન દ્વારા સોશિયલ મિડિયા થકી આ ગ્રૂપ ધરાવતા રકતદાતાની તપાસ ચલાવવામાં આવી અને રકતદાતા ઘનશ્યામભાઈ પટણી જેઓ અમદાવાદ હાઈકોર્ટ ખાતે સેવકની ફરજ બજાવે છે તેમનું બ્લડ ગ્રૂપ એબી નેગેટિવ છે. ઘનશ્યામભાઈનો સંપર્ક કરાતા તેમણે પોતાના ઓફિસના ઉપરી કોર્ટકીપરની પરમીશન લેવી પડશે તેવું જણાવીને થોડી વાર પછી ફોન કરશે તેવું કહ્યું હતું. અંતે તેમણે કોર્ટકીપરને સઘળી ઘટના સમજાવી નોકરીમાં અડધી સી.એલ.ની રજા મુકી ઝડપથી તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યા હતા અહીં તેમણે પાયલ માટે રકતદાન કર્યું હતું અને નાનકડી જરૂરિયામંદ વર્ગની દિકરીને અણીના સમયે મદદરૂપ બની માનવતાને મહેંકાવવાનું સદકાર્ય કર્યું છે. ઘનશ્યાભાઈના આ માનવતા ધર્મને ચારેકોરથી બિરદાવવામાં આવી રહ્યો છે. આ સાથે ગૂંજ ફાઉન્ડેશનના સેવા કાર્યની પણ પ્રસંશા થઈ રહી છે.

કોણ છે ઘનશ્યામભાઈ?

પોતાની સરકારી નોકરીમાં અડધી રજા મુકી નાનકડી દિકરીને મદદરૂપ થવા દોડતા આવી પહોંચનાર ૨૭ વર્ષીય ઘનશ્યામભાઈ રાજેશભાઈ પટણી સેકટર-૨૮માં છ ટાઈપ આવાસમાં નં. ૨૨/૮ ખાતે રહે છે અને તે અમદાવાદ હાઈકોર્ટ ખાતે પટાવાળાની નોકરીમાં ફરજ બજાવે છે. અત્યાર સુધીમાં તેમણે ત્રીજીવાર રકતદાન કર્યું છે તેમનું બ્લડ ગ્રૂપ જવલ્લે મળતું ગ્રૂપ હોવાથી તેઓને રકતદાન શિબિરમાં બ્લડ ડોનેટ નહી કરવા સલાહ અપાઈ છે જેથી આ રીતે આકસ્મિક સંજોગોમાં કામ આવી શકે.